## જન્મદિને વધામણી



ક્રિપાલસિંહ રાણા
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ



રાધિકા ત્રિવેદી



દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતિ



કેવલ કે ઠાકોર
મો. ૯૪૨૮૮ ૦૩૨૩૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૧૬

આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮, ગાંધીનગર ખાતે બુધવારે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ટેકનીકલ ઍજ્યુકેશન ડિરેક્ટર એ ઍમ માંકડ, સંયુક્ત નિયામક પુરાણીભાઈ અને ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર બારૈયાભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓએ મનુષ્ય ગૌરવ ગાનથી કરી હતી. ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભક્તિ ગીત રજૂ કરવામાં આવ્યું હતું. રેખા વણકર નામની વિદ્યાર્થીનીએ બેટી બચાવો વિષયે અભિનય ગીત રજૂ કર્યું હતું ને ધોરણ-૯ની વિદ્યાર્થીની કોમલ રાઠોડે બેટી બચાવો વિષયે તો અમીષા સાધુએ સ્વચ્છતા અભિયાન વિષયે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. શાળામાં ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓને મહાનુભાવોના હસ્તે પાઠ્યપુસ્તકો, નોટબૂક્સ, કંપાસ બૉક્સની કિટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન દ્વારા શાળાને 'આગેકદમ ગુજરાત' પુસ્તક ભેટ આપવામાં આવ્યું. શાળા ખાતે વર્ષ દરમિયાન કરાટે તાલીમ, થર્ડ આઈ ઍક્ટીવેશન જેવા બાળકોને ઉપયોગી કાર્યક્રમોનો લાભ મળતો રહે છે તે માટે કૅપિટલ લાયન્સ ક્લબના જગત કારાણી, અરવિંદ રાણા તથા અમીબેન શાહનો ઋણસ્વીકાર કરાયો હતો.

કાર્યક્રમના અંત ભાગમાં ઋણ સ્વીકાર મનિષા મકવાણાએ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાયલ વાણિયાએ કર્યું હતું. કાર્યક્રમ બાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# પત્રકારત્વના કોર્સમાં પ્રવેશની તક

ગાંધીનગર, તા. ૧૬

આજના સમયના બૂમીંગ કેરિયર ઑપ્શન જર્નાલિઝમ એટલે કે પત્રકારત્વ વિષયમાં પધ્ધતિસરની તાલીમ માટે ગાંધીનગરની સર્વપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓને ઈજન પાઠવવામાં આવ્યું છે. ગ્રેજ્યુએશન પછીનો આ કોર્સ એ વિદ્યાર્થીઓને એક ઝળહળતી કેરિયર અપાવી શકે છે અને વિદ્યાર્થી આ ક્ષેત્રમાં નામ અને દામ બંને કમાઈ શકે છે ઉપરાંત, સમાજસેવા કર્યાનો સંતોષ પણ લઈ શકે છે.

સમાચાર એ યુગોથી માનવીના રસનો વિષય રહ્યા છે અને સમાચારનો પ્રસાર કરનારા લોકો હંમેશા સમાજમાં એક અલગ સ્થાન પામ્યા છે. એ જ કારણસર અખબાર જગતને ચોથી જાગીર કહેવામાં આવે છે. પત્રકારત્વનો વ્યવસાય એ નામ અને દામ બંને અપાવતો વ્યવસાય છે ને આજની તારીખે તેને મોસ્ટ હેપનીંગ, ચેલેન્જીંગ અને પ્રેસ્ટીજીયસ વ્યવસાય ગણવામાં આવે છે. વ્યવસાયના વધતા મહત્ત્વની સાથે તેના માટે કાર્ય કરનારા તાલીમબદ્ધ લોકોની માગ પણ એટલી જ વધી છે. એ કારણસર પત્રકારત્વની પધ્ધતિસરની તાલીમ આજે અત્યંત જરૂરી બની ગઈ છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આ જરૂરિયાત પારખીને છ વર્ષથી પત્રકારત્વનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો છે, જેના દ્વારા તાલીમ પામેલા વિદ્યાર્થીઓ આજે સફળતાપૂર્વક સરકારી કે ખાનગી ક્ષેત્રમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શક્યા છે. ઉલ્લેખનીય છે કે વિશ્વવિદ્યાલયમાં પત્રકારત્વની તાલીમ પામેલા ૧૦૦ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યું છે.

પત્રકારત્વના વિદ્યાર્થીઓ ન માત્ર અભ્યાસમાં પરંતુ યુથ ફૅસ્ટીવલ જેવા પ્રસંગોએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ ઈનામો મેળવી શક્યા છે એ આ વિભાગની સફળતા છે. વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા પત્રકારત્વના કોર્સમાં પત્રકારત્વના પાયાના સિધ્ધાંતો, માસ કમ્યુનિકેશન, ટ્રાન્સલેશન, સર્જનાત્મક લેખન, ઍડીટીંગ, રિપોર્ટીંગ, મીડિયા લૉ, ઈલૅક્ટ્રોનિક મીડિયા માટે પ્રૉડક્શન અને રિપોર્ટીંગ તથા પબ્લિક રિલેશન જેવા અત્યંત જરૂરી વિષયોને આવરી લેવામાં આવ્યા છે. સંબંધિત વિષયોના નીવડેલા, અનુભવી અને સરકારી તથા બિનસરકારી ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા આ વિષયોની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ ઊડીને આંખે વળગે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે નિયમિત ફિલ્ડ વિઝીટનું આયોજન પણ કરવામાં આવે છે, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રૅક્ટિકલ શિક્ષણ પણ મળી રહે છે.

કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને કોઈપણ વિષયમાં ગ્રૅજ્યુએશન પૂર્ણ કર્યા પછી આ કોર્સમાં પ્રવેશ મેળવી શકાય છે. વર્ગોનો સમય સાંજે ૬.૦૦થી ૮.૦૦ દરમ્યાનનો રાખવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત લેવાની હોવાથી આજના સમયના મોસ્ટ હેપનીંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવા માગતા અને જેમને લખવાનો મહાવરો કે શોખ છે એવા સૌ અભ્યાસુઓને આ કોર્સમાં પ્રવેશ મેળવી લેવા કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે. કોર્સ અંગેની વધુ માહિતી માટે સંયોજક મિતેષ મોદીનો (૮૪૦૧૮ ૬૩૨૨૯/૯૪૨૭૮ ૩૨૭૮૫) સંપર્ક કરવા વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઉડતા પંજાબ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, અંગ્રજી)
૨.૩૦, ૭.૧૫
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, હિન્દી)
૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
લવ યુ આલિયા
૧૨.૪૫
હાઉસફુલ-૩
૩.૩૦, ૧૦.૦૦
ટીન
૭.૦૦

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૧૦.૦૦. ૨.૦૦. ૫.૦૦
ધનક
૭.૪૫, ૧૦.૦૦

# જીઈબી કૉલોની સરકારી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૬

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોની ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી આજે કરવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર મુકેશકુમાર, મહાનગરપાલિકાના ટૅક્સ ઑફિસર સોનીભાઈ, જીઈબીના ઍડિશનલ ઈજનેર સોલંકીભાઈ, શાહભાઈ, મહિલા મેયર હંસાબેન મોદી, આઈડી સંયોજક રાઠોડભાઈ, સીઆરસી સ્મિતાબેન જાની, શાળાના ઍસઍમસીના સભ્યો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ-૧માં ૪૦ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. શાળાની બાળાઓ દ્વારા મનુષ્ય ગૌરવગાન, શૌર્યગીત, પ્રાર્થના, ધ્યાનયોગ કરાવવામાં આવ્યો. આંગણવાડીનાં બાળકોને રમકડાં, ફળોની કિટનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ મુખ્ય મહેમાનના હસ્તે ધોરણ-૧નાં બાળકોને કિટ આપી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે આ ૪૦ પૈકી ૩૦ કન્યાઓ હતી.

મુખ્ય મહેમાનના પ્રવચન બાદ ગુણોત્સવ હેઠળ ધોરણ ૩થી ૮નાં બાળકોનું વાચન-ગણન પણ ચકાસવામાં આવ્યું ને બાળકોની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થી વિક્રમ પીરાજી ઠાકોર અને ધોરણ-૮નાં વિદ્યાર્થીની અમીષાબેન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારદર્શન નીલોફર શેખ દ્વારા કરવામાં આવ્યું. શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓ માટે તિથિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય દિપ્તીબેન વસાવડા તથા શાળા, પરિવાર, ઍસઍમસી સભ્યોએ જહેમત ઊઠાવી હતી.

# સી ઍમ હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ



ગાંધીનગર, તા. ૧૬

શેઠ સી.એમ. હાઈસ્કૂલ શાળા ધોરણ -૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ બુધવારના રોજ બ્રહ્માણીકૃપા હોલ ખાતે યોજાઈ ગયો. પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કલેકટર સતીષભાઈ પટેલ,ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ટેક્ષ અધિકારી ઉપેન્દ્રભાઈ સુતરિયા, સીતારામભાઈ પટેલ, શાળાના આચાર્ય બચુભાઈ કે પટેલ,સુપરવાઈઝર પ્રહલાદભાઈ એસ પટેલ, શાળાના વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈ દ્વારા દીપ પ્રાગટ્ય કરાવ્યું હતું.

સૌપ્રથમ ગૌરવ ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અને શાળાના રમતવીર દ્વારા ધ્યાન અને યોગ કરવામાં આવ્યા હતા.જયારે ધો-૯ ની પ્રવેશવિધિ અને પુસ્તક વિતરણ મહેમાનો દ્વારા નવા વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. ધો-૧૦ માં શાળામાં વર્ષ ૨૦૧૫-૧૬માં દરેક વર્ગમાં પ્રથમ નંબર આવેલ વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન કલેક્ટર સતીષભાઈ પટેલ દ્વારા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. ધો-૧૧ માં એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું.

સતીષભાઈ પટેલે વિદ્યાર્થીઓને હેલ્થ કોન્શીયસ બની વિદ્યાર્થીજીવન અતિ મહત્વનો તબક્કો છે એમ જણાવ્યું હતું. આ સમયગાળાનો સારો ઉપયોગ કરી અને આપ આપના લક્ષ મુજબ ઉંચી સિધ્ધિ પ્રાપ્ત કરો. બે દેડકાની વાર્તા અને બીલ ગેટ્સ જેવા ઉદાહરણ દ્વારાવિદ્યાર્થીઓને આગળ રસ મુજબનાં ક્ષેત્રોમાં સફળ થવાની પ્રેરણા આપી.

શાળાના પ્રિન્સિપાલ બચુભાઈ કે પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થી મીત શૈલેષભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગ્રામજીવનના કલાકારો અને કારીગરો અદૃશ્ય

**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**

દરેક વ્યક્તિ સ્વયં એક નવલિકા હોય છે, એક છૂપી દાસ્તાન હોય છે. પરંતુ આપત્તિથી ત્રસ્ત લોકો પાસે માત્ર પોતાના દુખ-દર્દ સિવાય અન્ય કોઈ બાબત હોતી નથી એટલે જીવનનું ગાડું ચાલતું રહે છે. આપણી સંસ્કૃતિનો અમર વારસો પણ કપરા કાળમાં ક્રમશઃ ઘસાઈ રહ્યો છે, ભુલાઈ રહ્યો છે અને વિસરાઈ રહ્યો છે. સંઘર્ષ અને સંગ્રામ ક્યાં નથી એ પ્રશ્ન જ મોટો અને મહત્ત્વનો છે ! વર્તમાનમાં જે ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ છે તેના પાયામાં આપણો ભૂતકાળ અને કરાયેલા પ્રયાસો રહેલા હોય છે તે સહજ રીતે યાદ રહેતું નથી. આઝાદીની ઝંખના પૂરી થઈ અને ભારતના જનજીવનમાં એક મોટું જોમ આવ્યું, નવી ચેતના આવી અને સમાજ હરખાઈ ઊઠ્યો એટલા માટે કે હવે આપણું ભારત અને આપણું જ શાસન આપણા લોકો દ્વારા... એટલે હરખની હેલી ઊઠી. લોકો ચિરાબંધ મકાન બનાવતા તો બહારની જે દિવાલો હોય તેમાં આઝાદી અમર રહો, જય હિન્દ, રાષ્ટ્રધ્વજ કોતરાવતા, લોકગીતો-લોકનૃત્યોમાં આપણી આઝાદીનો વટથી ઉમેરો થતો, કોઈ પુરુષ ઉઘાડા માથે ફરતો નહીં; કાં તો પાઘડી હોય, સફેદ કે કાળી ટોપી હોય ! નિત્ય સવારે ભજન, ધૂન, આરતી પ્રત્યેક મંદિરમાં થાય અને બહુધા રાત્રે ભજનની સરવાણી અવશ્ય થાય ! ઑલ ઈન્ડિયા રેડિયોના રાજકોટ, અમદાવાદ સ્ટેશન પર લોકજીવનનું પ્રતિબિંબ જબરૂં પડતું હતું. રાજકોટ સ્ટેશન પર પરોઢિયે સ્ટેશન ખૂલ્યા બાદ ભજનો વાગતાં જેમાં જે અમર નામ યાદ રહ્યાં તે આ મુજબ છે : શ્રી અમરનાથ નાથજી, ઈસ્માઈલ વાલેરા, મનુ મહારાજ ત્રિવેદી, મુગટલાલ જોશી, હેમુ ગઢવી, અમરદાસ ખારાવાળા, લલિતાબેન ત્રિવેદી, ચીમનલાલ દંતાણી. આ લોકોને કોણ ભૂલી શકે ?



આધુનિક યુગનાં ઉપકરણોની કલ્પના પણ ના હતી ત્યારે રેડિયો પ્રત્યેક ઘરનો એક જીવંત સભ્ય હતો. લોકગીતો અને સામાજિક નાટકોથી લોકો પુષ્કળ આનંદ મેળવતા. ભીખુદાન ગઢવી, દિવાળીબેન ભીલ, હેમુ ગઢવી સમાજના દિલો-દિમાગમાં રહેતા અને રેડિયો પરથી જ સમાચાર, ક્રિકેટ જગત કે રાજકારણના બનાવોની માહિતી મળતી. દરેક ગામમાં નવરાત્રીની ઉજવણી તેની પોતીકી ઉજવણી હતી. મનોરંજનમાં હલકી વાતો કે દંભને સ્થાન હતું જ નહીં. ગામ ક્રાંકચ (તા. લિલિયા મોટા, જિ. અમરેલી)ની નવરાત્રીની ઝલક આજે પણ આંખ બંધ કરીએ તો નજરે પડે. નાટકના કલાકારો જે નાટકો ભજવતા તેમાં શ્રી ઈચ્છારામ દેવમુરારી, કાળીદાસભાઈ કણકિયા વગેરે આજે હયાત નથી પરંતુ તેઓની કલા લોકોનાં દિલમાં જીવંત છે. ભીમભાઈ ભજનિક ક્રાંકચમાં હજી હયાત છે તો ચોરા ઉપર હાર્મોનિયમ લઈ ભજન ઉપાડે કે માણસ જમી સાથે જીવથી જોડાઈ જાય ! પ્રત્યેક ગામ આ પ્રકારના કલારસિકો, કલાકારો જે હતા તે લુપ્ત થઈ ગયા છે અથવા તેઓની વિરાસતને ટકાવવા કોઈ તત્પર નથી ! વીજળીને ઝબકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારાં થાશે જી... એવાં ભજનમાં આજે કેટલાને રસ કે જિજ્ઞાસા રહી છે ! જીવનને બળ પૂરું પાડતા વિચારો, વ્યક્તિઓ, ઘટનાઓની કિંમત કરનારાની પેઢી પણ પૂરી થઈ રહી છે એ મોટી ખોટ છે. ડિજીટલ વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારથી સાચું મનોરંજન અને મનોરંજનકર્તાઓની મહત્તા ઘટી ગઈ છે. નિષ્ણાતોની ગણના જે થતી હતી તે તદ્દન ગાયબ થઈ કારણ કે હવે કૉમ્પ્યુટર્સ જે ધારો તે કરી આપે છે. પણ આ ઉપકરણો જીવંત સાપ સાથે મદારીની રમત કે બજારમાં જે મદારી ખેલ બતાવતા હતા તે આપી શકતા નથી. ગોડીયા, બજાણિયા, ઢાઢી ઢીલા કરનારા, ભવાયા, મદારીઓ હવે માત્ર ભૂતકળના મનોરંજનની યાદ બની ગયા છે. આ બધાની ઝલક દૂરદર્શન પર આવેલી શંકર નાગની એક સિરીયલમાં ઉત્તમ રીતે દર્શાવામાં આવ્યું હતું. તેનું નામ હતું 'માલગુડી ડેઝ'. આજે માણસ સ્વયંમાં સીમિત થઈ ગયો છે ને તેથી લોકજીવનમાં ડૂસકાં અને આંસુઓ છે.

આધુનિક યુગમાં વિચરતી જાતિને ટકાવવા સરકારે પણ ઉચિત કદમ ભરતા રહેવા પડશે. જેમ પક્ષીજગત નાશ પામતું જાય છે તેવું જ સભ્ય સમાને પણ લાગુ પડે છે. દરેકનો સાથ, દરેકનો વિકાસ માત્ર સૂત્રથી આગળ જઈ ચરિતાર્થ કરવું જ પડશે.

એકાદ ખૂણે તો મને રહેવા દે ચેનથી, ઓ જિંદગાની તારા હજારો વિભાગ છે...

- "મરીઝ"

# કડી સર્વ વિદ્યાલય સંલગ્ન બીએડ કૉલેજમાં આવકારોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન અને આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનારા તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે ગુરુવારે આવકારોત્સવ યોજવામાં આવ્યો હતો.

પ્રવેશ પામેલા ઉત્સાહી તાલીમાર્થીઓને કુમકુમ તિલક કરી, ગુલાબનાં પુષ્પો આપી મોઢું મીઠું કરાવી મંગલમય પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્યવિધિ બાદ ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડિન પ્રૉ. વીણાબેન પટેલે સંસ્થાની ઉજ્જવળ પરંપરાઓ, કૉલેજના સ્માર્ટવર્ક અને ઉદ્દેશો વિશે માહિતી આપી હતી.

ડૉ. જિજ્ઞાસાબેન જોશી અને ડૉ. સંજયભાઈ ગુપ્તાએ પણ તાલીમાર્થીઓને સુંદર રીતે આવકાર આપ્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. વિભા દ્વિવેદીએ સંસ્થા પરિવાર વતી આભારદર્શન કર્યું હતું.